# શ્રીમદ્ ભગવદ્ગીતા

## સરળભાષામાં ટૂંકસાર

वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम्।

જન્મ-મરણનો ભય ટાળનાર,
સર્વલોકના નાથ ભગવાન વિષ્ણુને વંદન કરું છું.

ડૉ. કિરીટ સી. વ્યાસ

# Shreemad Bhagavad Gita
# (Gujarati)

**Author: Dr. Kirit C. Vyas**

**શ્રીમદ્ ભગવદ્ગીતા**

**લેખક : ડૉ. કિરીટ  સી. વ્યાસ**

First Edition: 2017, Copy: 500, Price: Rs. 150/-
પહેલી આવૃત્તિ : ૨૦૧૭,પ્રત : ૫૦૦,કિંમત : રૂા. ૧૫૦/-
**ISBN: 978-93-5996-526-0**

Publisher:
**Bharati Kirit Vyas**
10 Green Park, Bhavanipura-2, Nizampura,
Vadodara 390002, Gujarat, INDIA
Ph: +91-98250-27333
email : kiritvyas46@gmail.com
web site : www.kiritvyas.com

All Rights Reserved

Front & Back cover Paintings
By Dr. Kirit C. Vyas
All Rights Reserved

**બુક ડિઝાઈન- ભારતી કિરીટ વ્યાસ**

**Rakesh Printery**
115-A, Karelibaug Industrial Estate
Karelibaug, Vadodara 390018
Gujarat, INDIA
Ph: 0265-2460026

**Books are available on amazon**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | ગીતાસાર | ૧૨ |
| ૦૧. | વિષાદયોગ | ૩૮ |
| ૦૨. | સાંખ્યયોગ | ૪૦ |
| ૦૩. | કર્મયોગ | ૪૪ |
| ૦૪. | જ્ઞાન-કર્મસંન્યાસયોગ | ૫૧ |
| ૦૫. | કર્મસંન્યાસયોગ | ૫૯ |
| ૦૬. | આત્મસંયમયોગ-ધ્યાનયોગ | ૬૩ |
| ૦૭. | જ્ઞાનવિજ્ઞાનયોગ | ૬૯ |
| ૦૮. | અક્ષરબ્રહ્મયોગ | ૭૬ |
| ૦૯. | રાજવિદ્યા-રાજગુહ્યયોગ | ૮૪ |
| ૧૦. | વિભૂતિયોગ | ૯૦ |
| ૧૧. | વિશ્વરૂપ-દર્શનયોગ | ૯૪ |
| ૧૨. | ભક્તિયોગ | ૯૯ |
| ૧૩. | ક્ષેત્રક્ષેત્રજ્ઞ-વિભાગયોગ | ૧૦૭ |
| ૧૪. | ગુણત્રય-વિભાગયોગ | ૧૧૩ |
| ૧૫. | પુરુષોત્તમયોગ | ૧૨૦ |
| ૧૬. | દૈવાસુરસંપદવિભાગયોગ | ૧૨૮ |
| ૧૭. | શ્રદ્ધાત્રય-વિભાગયોગ | ૧૩૫ |
| ૧૮. | મોક્ષસંન્યાસયોગ | ૧૪૫ |

# ગીતાસાર

મનુષ્ય જીવનની યથાર્થતા અને સફળતા માટે વેદ વ્યાસે ધર્મગ્રંથોના આ જ્ઞાનના મહાસાગરમાંથી જરૂર પૂરતું જ્ઞાનનું સંકલન સરસ રીતે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કર્યું છે. દરેક સ્તરના મનુષ્યો માટે સફળતા મેળવવાના માર્ગો સુંદર રીતે રજૂ કર્યા છે. પ્રયત્નશીલ મનુષ્યના જીવનમાં, એક કે બીજી રીતે નિષ્ફળતા રોજ આવતી હોય છે. એ નિષ્ફળતામાં સફળતાના ઊગતાં કિરણોની ઝાંખી કેમ કરવી એ ગીતાએ સુંદર રીતે સમજાવ્યું છે. ગીતા સાંપ્રદાયિક ગ્રંથ નથી, એ દરેક મનુષ્યના જીવનને સ્પર્શતી સમસ્યાના નિરાકરણ માટે છે. મનુષ્ય શાંતિ ઈચ્છે છે પણ અશાંતિના કારણો ઘણાં છે. ગીતા અશાંતિ દૂર કરી શાંતિ પ્રાપ્તિ માટે ઘણાં ઉપાયો બતાવે છે. આ કારણસર ગીતાની ગણના એક અદ્વિતીય ગ્રંથોમાં થાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતના ભીષ્મપર્વના ૨૪માં અધ્યાયથી ૪૨માં અધ્યાય સુધીનો આ ભાગ છે. તેમાં ૧૮ અધ્યાયો અને ૭૦૦ શ્લોકો છે. વાસ્તવમાં મહાભારતમાં યુદ્ધની નિરર્થકતા જ સિદ્ધ કરી છે અને વિજેતાઓને પશ્ચાતાપની લાગણીથી દુઃખી બતાવ્યા છે. યુદ્ધ-વ્યવહાર શીખવવાને બદલે સ્થિતપ્રજ્ઞતાના લક્ષણો શીખવવાનો પ્રયત્ન કરેલો છે.

મહાભારતના ભૌતિક યુદ્ધને બાજુ ઉપર રાખીને વિચારીએ તો પણ, મનુષ્યના હૃદયની અંદર નિરંતર દ્વંદ્વ યુદ્ધ ચાલ્યા જ કરે છે. સંજોગ અનુસાર મોહને વશ થઈ, અધર્મને સ્વીકારવામાં આવે તો અંતમાં અશાંતિનો જીવનમાં પ્રવેશ થશે. મનુષ્ય અશાંતિને ભૂલવા ખોટા માર્ગે ચઢી જઈ જિંદગીમાં ભટકી જાય છે. શ્રીકૃષ્ણ સમજાવે છે કે મોહના આવેશમાં હથિયારો નીચે ન મૂકશો અને સત્યનિષ્ઠાથી ધર્મને અનુસરીને, હિંમતપૂર્વક અધર્મ અને અન્યાય સામે યુદ્ધ કરો તો અવશ્ય વિજયી નીવડશો. આ માટે જરૂર છે સજાગતા કેળવવાની અને વિવેકબુદ્ધિ જાગૃત કરવાની. સજાગતા અને વિવેક બુદ્ધિવાળો મનુષ્ય સદાચારી તો બનશે જ, પણ બીજાનું અહિત કરતાં પણ અચકાશે. વિચાર અને વર્તનનું અંતર સાક્ષીભાવથી ઘટશે અને દંભનો જીવનમાંથી નાશ થશે. ફળસ્વરૂપ અધ્યાત્મના રહસ્યો આપોઆપ અંતઃસ્ફુરણાથી ખૂલવા લાગશે.

મનુષ્ય જીવનનો અંતિમ ધ્યેય મોક્ષ એટલે ઈશ્વરસ્વરૂપ બનવાનો છે, જે દરેક ધર્મગ્રંથો સ્વીકારે છે. ગીતા અંતિમ ધ્યેય પર પહોંચવા માટે જીવનને સ્પર્શતાં, જાણવા યોગ્ય, કરવાં યોગ્ય અને અનુભવવા યોગ્ય વિવિધ વિષયો પર વિસ્તારપૂર્વક ચર્ચા કરે છે અને ચાર માર્ગો, જ્ઞાનયોગ, રાજયોગ, કર્મયોગ અને ભક્તિયોગ વિશે જ્ઞાન આપે છે. આ માર્ગો દરેક સાધક માટે જાણવા અને

સમજવા જરૂરી છે. દરેક માર્ગો એકબીજાનાં પૂરક છે અને એકબીજાથી સંપૂર્ણપણે સ્વતંત્ર નથી. શરીર છે તો કર્મ હોય જ, તેમાંથી કોઈપણ મુક્ત નથી. કર્મમાત્રમાં કાંઈ દોષ હોઈ શકે, જેને લીધે કર્મ બંધનરૂપ બની શકે છે. જો દેહધારીનો કર્મ કર્યા વગર છૂટકો જ ન હોય તો, કર્મ કેવી રીતે કરવું જેથી બંધનરૂપ-દુ:ખમય ન નીવડે? આ માટે શ્રીકૃષ્ણ અર્જુનને નિષ્કામ કર્મ અને બીજા અગત્યના વિષયો અને તેનો મહિમા સમજાવે છે.

**સકામ કર્મ :**

કોઈપણ કાર્ય કે ક્રિયા એ કર્મ છે. ઇન્દ્રિયોથી થતાં કર્મો માનસિક કે શારીરિક હોય છે. પ્રકૃતિજન્ય ગુણો બળજબરીથી કર્મ કરાવે છે. કર્મનો આરંભ નહીં કરવાથી નિષ્કર્મતા આવતી નથી, કે કર્મત્યાગ કરવાથી નિષ્કર્મતા આવતી નથી. કર્મેન્દ્રિયોને વશ કર્યા પછી પણ, મન વડે વિષયોનું ચિંતન થાય છે. પ્રકૃતિના ગુણો બળજબરીથી કર્મો કરાવશે. તે કર્મ, અકર્મ અને વિકર્મ હોઈ શકે. વાસ્તવમાં આ ત્રણે કર્મો જ છે, પણ કર્મો કરવા પાછળનો હેતુ કે ભાવનામાં તફાવત હોય છે. કર્મ છોડવાની આવશ્યકતા નથી. ફક્ત કર્મફળનો ત્યાગ કરવો જોઈએ.

સકામ કર્મો નિજ સ્વાર્થ કે સુખ માટે કરેલાં કર્મો છે. એનાં ફળસ્વરૂપ સુખ, દુ:ખ, રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે. મન, વાણી, શરીરથી કર્મો થાય છે, જેનાંથી કોઈના પર અનુગ્રહ કે કોઈને હાનિ પહોંચે છે અને સારું-નરસું ફળ ભોગવવું પડે છે. ઈશ્વર કોઈના પણ કર્તાપણાને, કર્મોને અથવા કર્મફળના સંયોગોને ઉત્પન્ન કરતો નથી, પણ દરેક મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે કર્મ કરે છે. ઈશ્વર કોઈનું પાપ કે પુણ્ય માથે લેતાં નથી. આત્મા પણ આ કર્મોના વ્યવહારમાં કશું જ કરતો નથી, એ ફક્ત દષ્ટા જ છે. પણ મનુષ્ય સંસ્કારહીનતા, મોહગ્રસ્તતા અને દુર્ગતિને કારણે આત્માને કર્તા માને છે. જો મનુષ્ય અકર્તવ્યભાવથી, ફળ ઈશ્વરને અર્પણ કરી, અન્યાય, અસત્ય, દુગુર્ણો, ખરાબવૃત્તિઓ સામે લડે, તો કોઈ રીતે કર્મો બંધનકર્તા બનતા નથી. વિકર્મ કર્મો શાસ્ત્રો અને સામાજિક દષ્ટિએ નિષિદ્ધ કર્મ છે. આવા કર્મોના મલિન સંસ્કાર મન અને અંત:કરણ પર પડે છે.

**નિષ્કામ કર્મ-અકર્મ :**

કોઈપણ કામના કે ફળની આશા વગર કરેલું કર્મ એ નિષ્કામ કર્મ છે. કર્મ કુશળતાપૂર્વક કરવું, જ્ઞાનપૂર્વક સમજીને શુભ અને અશુભ બંને પ્રકારના ફળોનો ત્યાગ કરવો અને સમત્વભાવથી કર્મ કરવું એ જ યોગ છે. આ રીતે કર્મો કરવાથી પાપ ન લાગે અને જન્મ-મરણનાં બંધનમાંથી મુક્ત થવાય. કર્મના ફળ

ઈશ્વરને અર્પણ કરવાથી ભવિષ્યનો ભાર પણ માથા પરથી દૂર થાય છે. આમ મનુષ્ય વર્તમાનમાં પોતાની સર્વશક્તિથી કર્મ કરતાં યોગ્યતા મુજબ પૂરેપૂરું ફળ મેળવે છે. જે કર્મો નિષ્કામભાવે આસક્તિ વગર કરેલાં છે, તે બંધનકર્તા નથી અને તે અકર્મ છે. જીવાત્મા ફક્ત દષ્ટા છે, પણ અવિદ્યાને કારણે મનુષ્ય કર્મ અને ફળનું આરોપણ જીવાત્મા પર કરે છે.

અહીં શ્રીકૃષ્ણ નિષ્કામ કર્મ અને કર્મફળત્યાગની વાત કરે છે. ગીતા ત્યાગ ઉપર ભાર મૂકે છે. ગીતાને કર્મ ત્યાગ મંજૂર નથી, પણ કર્મફળ ત્યાગની વાત કરે છે. ફળમાં આસક્તિ વિનાના મનુષ્યને અસત્ય બોલવાની લાલચ થતી નથી કે હિંસા કરવાની જરૂર પડતી નથી. ગીતા અહિંસાને પરમધર્મરૂપે સ્વીકારે છે. પણ કાયરતા, અનિર્ભયતા ગીતાને મંજૂર નથી. એટલે ગીતાની ઉત્પત્તિ ભૌતિક યુદ્ધના મેદાનમાં થઈ છે. ગીતાનો સંદેશ સ્પષ્ટ છે કે દરેક કર્મ કુશળતાપૂર્વક કરો. (યોગઃ કર્મસુ કૌશલમ્) એ જ સમત્વયોગ છે. ગીતા સ્પષ્ટ કહે છે કે બુદ્ધિશાળી મનુષ્ય માટે શાસ્ત્રો સમજવા અને આદર રાખવો એટલું પૂરતું નથી. પણ શ્રદ્ધાપૂર્વક આચરણમાં મૂકવું એટલું જ જરૂરી છે.

**જ્ઞાન :**

જ્ઞાનની સમજ સાથે કરેલાં કર્મો જ ઉત્તમ ફળ આપે છે. જ્ઞાનની સમજને લીધે મોહ કાયમ માટે દૂર થાય છે. સાધકને સર્વત્ર બ્રહ્મ છે એનો ખ્યાલ આવે છે અને સર્વને ઈશ્વરમાં જુએ છે. જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી સાધકને શુદ્ધ બનાવે છે અને જ્ઞાન મળતાં જ પરમશાંતિ પામે છે. અજ્ઞાની, અશ્રદ્ધાળુ, શંકાશીલ વ્યક્તિ નાશ પામે છે, એને આ લોક કે પરલોકમાં સુખ-શાંતિ મળતાં નથી. જ્ઞાન પ્રાપ્તિ પણ શ્રદ્ધા વગર શક્ય જ નથી. કર્મ, ધ્યાન, ચિંતન અને જ્ઞાનના સમન્વય માટે શ્રદ્ધા પ્રાણતત્ત્વ છે.

**સંન્યાસ અને કર્મયોગ :**

શ્રીકૃષ્ણ અર્જુનના સવાલનો જવાબ આપતા જણાવે છે કે, કર્મયોગ અને કર્મસંન્યાસયોગ બંને કલ્યાણકારક છે, પણ કર્મયોગ કર્મસંન્યાસ કરતાં સારો છે. કર્મ ન કરવા કરતાં કર્મ કરવા સારાં. કર્મ કરતાં અકર્મ સારું. અકર્મમાં કર્મસંન્યાસ છે. ફળની ઇચ્છા વગર લોકકલ્યાણ માટે કરેલાં કર્મો એ યોગ છે. સંન્યાસી અને કર્મયોગી બંનેની યોગ્યતા સરખી છે. બંનેનું આંતરિક સ્વરૂપ એક જ છે અને બંને વિરક્ત હોય છે. સર્વકર્મફળત્યાગ એ ત્યાગ છે, જ્યારે કામ્ય કર્મનો ત્યાગ એ સંન્યાસ છે. ગીતા સર્વકર્મત્યાગમાં માનતી જ નથી. શ્રીકૃષ્ણના મતે ત્યાગ જ સાચો સંન્યાસ છે. ત્યાગ વગરનો સંન્યાસ ખાલી આત્મા વગરના દેહ જેવો છે.

**સ્થિતપ્રજ્ઞતા :**

જ્યાં સુધી બધી ઇન્દ્રિયો પર કાબૂ આવતો નથી, ત્યાં સુધી સ્થિતપ્રજ્ઞતાની શક્યતા જ હોતી નથી. મનુષ્યને ઇન્દ્રિયો પરાણે વિષયોમાં ખેંચી જાય છે. શાંતિ માટે ઇન્દ્રિયો પર યોગ્ય રીતે કાબૂ મેળવવા પ્રયત્ન કરવો એ પહેલું પગથિયું છે. સ્થિતપ્રજ્ઞ યોગી, મનમાં ઉત્પન્ન થતી કામનાઓનો ત્યાગ કરે છે, દુઃખમાં દુઃખી નથી, સુખની ઇચ્છા રાખતો નથી. રાગ, ભય અને ક્રોધ બળી ગયેલા છે. શુભ-અશુભથી હરખાતો કે અકળાતો નથી. દષ્ટાભાવથી ઇન્દ્રિયો પોતાનાં વિષયોમાં કાર્ય કરે છે, એ ભાવનાથી બુદ્ધિને સ્થિર રાખે છે. મન, બુદ્ધિ, ચિત્ત કાયમ શાંત હોય છે, એ જીવનમુક્ત છે. આવા બ્રહ્મનિષ્ઠને ફરી મોહ થતો નથી અને અંતકાળે બ્રહ્મસ્વરૂપમાં લીન થાય છે.

**અભ્યાસ અને ધ્યાન :**

યોગારૂઢ થવામાં ઘણી જ મહેનત અને પ્રયત્નોની જરૂર હોય છે. આ માર્ગ પર મોક્ષ-મુક્તિ ચોક્કસ મળે, પણ તલવારની ધાર પર ચાલવા જેવો માર્ગ છે. યોગ-ધ્યાન એ રોજના એક કે બે કલાકની ક્રિયા નથી, પણ જીવન જીવવાની રીત છે. ધ્યાન કરવા માટે સરળતાનું બહુ જ મહત્ત્વ છે, મન-વાણી-વર્તનમાં સામ્ય હોવું જોઈએ. શું વિચારીએ છીએ, શું બોલીએ છીએ અને કેવી રીતે જીવનમાં વર્તન કરીએ છીએ, તેમાં સામ્યતા ન હોય અને દંભ હોય તો, ધ્યાન કદાચ અશક્ય નહીં તો પણ દુઃસાધ્ય છે.

શ્રદ્ધાથી કર્મ થાય છે, કર્મ પછી નિષ્ઠા પ્રાપ્ત થાય છે. નિષ્ઠા પ્રાપ્તિ પહેલાં મનુષ્ય શ્રદ્ધાથી જ કામ કરે છે. નિષ્ઠા તો અનુભવથી થાય છે. શ્રદ્ધા ઘણી મોટી શક્તિ છે. તે ધ્યેય પર પહોંચાડવા માટે જરૂરી માર્ગદર્શન, જુસ્સો અને દઢ નિશ્ચય આપે છે. જો શ્રદ્ધા સાથે બુદ્ધિ હશે, તો ખોટી દિશામાં કામ થવાની શક્યતા ઓછી છે. પરંતુ બુદ્ધિ હોય અને શ્રદ્ધા ન હોય, તો કામ નહીં થાય.

મુખ્ય ધ્યેય આત્મદર્શનનો છે. શાસ્ત્રોમાં ચિત્તશુદ્ધિ માટે આહારશુદ્ધિને મહત્ત્વની માનવામાં આવે છે. સાધક માટે નમ્રતા એ પહેલો સદ્ગુણ છે, સાથે નિરભિમાનતા, દંભશૂન્યતા, અહિંસા, ક્ષમાભાવ, સરળતા, પવિત્રતા, સ્થિરતા અને ગુરુ ભક્તિના સદ્ગુણો કેળવવા જરૂરી છે. વૈરાગ્ય બધા સદ્ગુણોમાં બહુ જ મહત્ત્વનો છે. વૈરાગ્ય પછી જ અનાસક્તિ આવે છે, જે કર્મયોગનો આત્મા છે. ઈશ્વરમાં દઢ ભક્તિ રાખવી, એકાંત જગ્યાનો આશ્રય સાધના કરવા લેવો, લોક સંગતમાં અપ્રીતિ રાખવી, આત્મજ્ઞાનનું નિત્ય ચિંતન કરવું, એનાંથી ચિત્ત ખૂલી જશે. આત્મજ્ઞાન થતાં સર્વત્ર પરમાત્માનું દર્શન થશે, આ જ જ્ઞાન છે અને એનાંથી વિપરીત તે અજ્ઞાન છે.

સાધક બે કારણોથી યોગભ્રષ્ટ થઈ શકે? ૧.મૃત્યુને કારણે. ૨.ચિત્ત ચલિત થવાને કારણે. શ્રીકૃષ્ણ કહે છે, શુભમાર્ગનું આચરણ કરનાર મનુષ્ય, આ લોક કે પરલોકમાં દુર્ગતિ કે નાશ પામતો નથી. યોગભ્રષ્ટ થયેલો સાધક, પુણ્યશાળીના લોકને પામીને ઘણો સમય ત્યાં વ્યતીત કરી શુદ્ધ આચરણવાળા અને વૈભવશાળી શ્રીમાનના ઘરે જન્મ લે છે. અથવા યોગીના કુળમાં જ જન્મ લે છે. ત્યાં પૂર્વજન્મના સંસ્કાર પ્રમાણે સાત્ત્વિક બુદ્ધિના સંયોગને પામે છે અને જૂના સંસ્કારોના શુભ પ્રભાવથી ફરીથી મોક્ષ માટે પ્રયત્ન કરે છે.

**સગુણ-નિર્ગુણ ઉપાસના :**

ઉપાસનાના બે માર્ગ છે, એક સગુણ-સાકાર એટલે વ્યક્ત સ્વરૂપની ઉપાસના અને બીજું નિર્ગુણ-નિરાકાર એટલે અવ્યક્ત સ્વરૂપની ઉપાસના. ઉપાસના એટલે ઉપાસ્ય વસ્તુની સાથે ઐક્યના ભાવથી ધ્યાન, ચિંતન અને એકાગ્રતાપૂર્વકનું જીવન. ઉપાસનામાં ધ્યાન, ચિંતન અને બંનેનો સમન્વય, અહીં બંને પ્રકારની ઉપાસના જ છે, એક નિર્ગુણ-નિરાકાર અવ્યક્ત ધ્યાનમય ઉપાસના છે, જ્યારે બીજી સગુણ-સાકાર વ્યક્ત પ્રેમમય ઉપાસના છે. વ્યક્ત ઉપાસના એટલે એક બિંદુ લઈ તેની પર એકાગ્ર થવું, અવ્યક્તમાં પૂરા વિશ્વને ઈશ્વરરૂપ જોવું અને તેમાં લીન થવું. નિર્ગુણ ઉપાસના એટલે ધ્યાનપ્રધાન ઉપાસના અને સગુણ ઉપાસના એટલે પ્રેમપ્રધાન ઉપાસના.

**ભક્તો અને એના લક્ષણ :**

ચાર પ્રકારના ભક્તો હોય છે; દુઃખી, જિજ્ઞાસુ, કાંઈક હેતુ સાધવાવાળા અને જ્ઞાની. દુઃખી ભક્તો સાચા હૃદય થી દુઃખ સમયે ઈશ્વરને પ્રાર્થના કરે છે, તો એનું ફળ એ પ્રમાણે ઈશ્વર કોઈ પણ રીતે, પોતે કે નિમિત્તરૂપે ભક્તને એની શ્રદ્ધા દૃઢ કરવા આપે છે. હેતુ સાધવાવાળા ભક્તો પણ દુઃખી ભક્તની માફક હૃદયપૂર્વક મદદ માંગે છે, તો એક યા બીજી રીતે ભક્તને ધન, સંપત્તિ, પુત્ર, પદવી, માન વગેરે મળે છે. જિજ્ઞાસુ ભક્તને જ્ઞાન મેળવવાની ઈચ્છા હોય છે અને બુદ્ધિ પણ તીવ્ર હોય છે. જ્ઞાનની જિજ્ઞાસા સાથે સાધના હોવી પણ એટલી જ જરૂરી છે જ્ઞાની ભક્ત એ છે કે, જેને જ્ઞાન સાથે વિવેકબુદ્ધિ છે, સાધના કરવાની અને આત્મઉન્નત્તિની ધગશ છે. એ સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરી કરે છે, એની બુદ્ધિ કાયમ ઈશ્વરમાં સ્થિર રહે છે. શ્રીકૃષ્ણ કહે છે કે બધા ભક્તો સારા છે, પણ તેમાય જ્ઞાની તો એમનું જ સ્વરૂપ છે.

ભક્તનાં મુખ્ય ગુણ છે દયા, મૈત્રી અને પ્રેમ. ભક્તમાં દુઃખી માટે કરુણા હોય છે. બીજાનું દુઃખ નિવારવા માટેની તાલાવેલી હોય છે. બધા પ્રત્યે

સ્નેહભાવ હોય છે, બીજાના સુખે સુખી થવું અને બીજાના સુખ માટે પ્રયત્ન કરવો. દ્વેષ કરવો ભક્તના સ્વભાવમાં નથી.

**અંતકાળનો સમય :**

વાસ્તવમાં અંતકાળે મનુષ્ય જેનું સ્મરણ કરતો શરીર છોડે છે, તેને જ તે પામે છે જે સંશયરહિત છે. માટે સાધના જાગૃતિ સાથે, થાક્યા વગર અંતકાળ સુધી કરનાર સાધકને મૃત્યુ સમયે ઈશ્વર સિવાય બીજા વિચારો નહીં આવે. એ ઈશ્વરસ્વરૂપમાં લીન થશે, જ્યાં પુનર્જન્મનો પ્રશ્ન રહેતો નથી. જે યોગી ઈન્દ્રિયોને વશ કરી, મનને હૃદયમાં રોકી, પ્રાણને બ્રહ્મરંધ્રમાં સ્થાપી, એકાગ્ર ચિત્તથી ૐનું ઉચ્ચારણ કરતાં દેહ ત્યાગે છે, એવા નિત્યયુક્ત યોગી પરમગતિને પામે છે. આત્મદર્શન ન થવાને કારણે મોક્ષ મળતો નથી અને જન્મ-મરણનું ચક્કર ચાલુ રહે છે. સાધક કેવા સમયે દેહ છોડે છે એના પર આત્માની ગતિનો આધાર છે.

**શાંતિપ્રાપ્તિ અને ઈશ્વર શરણાગતિ :**

ગીતા અશાંતિ દૂર કરી શાંતિ પ્રાપ્તિ માટે ઘણાં ઉપાયો બતાવે છે, જેમ કે કામના ત્યાગ, કર્મફળત્યાગ, ધ્યાનયોગ, આત્મજ્ઞાન, ઈશ્વરજ્ઞાન, ભક્તિ અને ઈશ્વર શરણાગતિ. મનુષ્ય પોતાને યોગ્ય રસ્તો ગ્રહણ કરી શાંતિ મેળવી શકે છે.

અંતમાં શ્રીકૃષ્ણ કહે છે કે આ જ્ઞાન સમજીને, સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરીને, મરજીથી, ખુશીથી સર્વધર્મો છોડી એમનાં શરણમાં આવવાની સલાહ આપે છે. પણ સ્વીકારો તો અહંકારરહિત થઈ શ્રદ્ધાપૂર્વક આચરણમાં મૂકવાની સલાહ આપે છે. મુખ્ય વાત સર્વ ધર્મો છોડીને શરણમાં જવાની છે. એટલે અહીં સંપૂર્ણ શરણાગતિની વાત છે. મોહનો નાશ, સંશયનો નાશ એ ઈશ્વરમાં કર્મ સમર્પણ કરતાં પહેલાંની પૂર્વ શરત છે. મોહનો નાશ થતાં મોક્ષ માર્ગ પર પ્રગતિ શરૂ થાય છે. સારી રીતે પઠન, શ્રવણ અને મનન કરવાથી હૃદયમાં રહેલાં શ્રીકૃષ્ણ ચોક્કસ જાગૃત થશે.

સાધકે એમ વિચારવું જોઈએ કે પોતે નિમિત્તમાત્ર છે. સાધક સેવક છે, જેની સેવા કરે છે એ સેવ્ય છે અને જેનાં વડે કરે છે એ સાધન છે. કોઈ રોગી, નિરાધાર મનુષ્યની(સેવ્ય) સેવા નિષ્ઠાપૂર્વક, ફળત્યાગ કરી, નિષ્કામ બુદ્ધિથી કરશે, તો કર્મયોગ થશે. અહીં સાધક સેવક છે અને જેનાં વડે સેવા કરે છે, તે દવા, કપડા, પૈસા વગેરે સાધન છે. એ જ સેવા સાધક રોગી, નિરાધાર મનુષ્યને(સેવ્ય) ને પરમેશ્વરસ્વરૂપ માનીને કરશે તો ભક્તિયોગ થશે. જો સેવ્ય, સાધન અને સાધક ત્રણેને પરમાત્માસ્વરૂપ છે, એમ અનુભવશે તો એ

આત્મજ્ઞાન થશે. અહીં દ્વૈતભાવ ખતમ થઈ ગયો, સર્વ અદ્વૈતમય થઈ જાય છે. હવે ભક્તિયોગ પણ ન રહ્યો અને જ્ઞાનયોગ થઈ ગયો. એટલે સેવ્ય, સેવક અને સેવા-સાધન એ ત્રણેને પરમેશ્વરમય જોવા એ ગીતાનો સાર છે. તેનાથી સ્વધર્મ આચરણ, નિષ્કામ કર્મયોગ, ઈશ્વરભક્તિ અને આત્મજ્ઞાન બધું એક સાથે સધાય છે. અહીં કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો ભેદ જતો રહે છે. કર્મયોગ અને ભક્તિયોગ સુધી દ્વૈતભાવ ટકે છે. જ્યાં દ્વૈત જતો રહ્યો અને અદ્વૈત આવે એટલે સંન્યાસ આવી ગયો. આ પરિપૂર્ણ સંન્યાસીની હાલત છે. પણ અંતમાં તો કર્મ, જ્ઞાન, ભક્તિનો સમન્વય થાય ત્યારે જ મોક્ષ મળે છે. અંતમાં એ અનુભૂતિ થવી જોઈએ કે, જે જ્ઞાન છે તેજ ભક્તિ છે, તે જ કર્મ છે.

શ્રીકૃષ્ણ સમજાવે છે કે મોહના આવેશમાં હથિયારો નીચે ન મૂકશો, પણ ધર્મ અને સત્યને વળગી હિંમતપૂર્વક યુદ્ધ કરો, તો અવશ્ય વિજયી નીવડશો. ગીતા એ શ્રીકૃષ્ણે માનવસમાજને આપેલું જ્ઞાનરૂપી અમૃત છે. આમ શ્રીકૃષ્ણ આપણને દરેક વિપરીત સંજોગોમાં માર્ગદર્શન આપવા ગીતારૂપે આપણી વચ્ચે છે. ફક્ત જરૂર છે, આ ઉપદેશને સમજી જીવનમાં ઉતારવાનો.

ગીતા અપ્રિય હોય એવી રીતે સત્ય કહેતી નથી અને પ્રિય હોય પણ અસત્ય હોય એવું પણ કહેતી નથી. આ લેખનનો મૂળ ઉદ્દેશ્ય ગીતાના તત્ત્વચિંતનને સૂક્ષ્મદષ્ટિએ સમજી, એનાં સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી સરળ ભાષાકીય શૈલીમાં ટૂંકસાર આપવાનો છે. સમયના અભાવે યુવા પેઢી તત્ત્વચિંતનના વિષયોથી દૂર થતી જાય છે. યુવા પેઢીમાં રસ ઉત્પન્ન થાય અને જ્ઞાનના સારને સમજીને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે તો આ લેખનનો હેતુ સિદ્ધ થયો ગણાશે. આશા છે કે આ કાર્ય સાંસ્કૃતિક પ્રકાશનને ઝળહળતું રાખવા નાના પ્રકાશરૂપી કોડિયાની ગરજ સારશે.

**ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते।।**
**ॐ शांतिः शांतिः शांतिः।।**

★ ★ ★

हरिः ॐ तत्सत्।

ॐ असतो मा सद्गमय। ॐ तमसो मा ज्योतिर्गमय।

ॐ मृत्योर्मा अमृतं गमय। ॐ शांतिः शांतिः शांतिः।।

હે ઈશ્વર, અસત્યથી સત્ય તરફ,
અંધકારથી  પ્રકાશ તરફ અને
મૃત્યુથી મોક્ષ તરફ લઈ જા.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ISBN 978-935996526-0

9 789359 965260

Rs. 150/-